# શ્રી બાવીસી રોહિત સમાજનું કુવાસણા મુકામે મંજુર કરેલ બંધારણ

સંવત ૨૦૫૮ના કારતક વદી પાંચમને બુધવાર તા. ૫/૧૨/૨૦૦૧ના રોજ કુવાસણા મુકામે મળેલ બાવીસી રોહિત સમાજના પંચે બંધારણ કમિટિની નિમણુંક કરેલી અને તેમણે ઘડેલ બંધારણ નીચે મુજબ છે.

## (૧) સમાજનું નામ :-

શ્રી બાવીસી પરગણા રોહિત સમાજ બંધારણ

## (૨) સમાજનો ઉદ્દેશ :-

બાવીસી રોહિત ભાઈઓના સામાજીક રીતરીવાજો અંગે એકસૂત્રતા જાળવવા સમાજીક અંકુશવાળા સંગઠન શક્તિ કેળવવા તથા અતંગર્ત ઝગડાઓનું નિરાકરણ કરવા સંપ અને સહકારથી સામાજીક કુ રિવાજો બંધકરી પ્રગતિના પંથે પ્રયાણ કરવા સારૂ.

## ઠરાવ નં. ૧ સગાઈ કરવા બાબત

**કલમ નં.-૧** સગાઈ કરવા બંન્ને પક્ષોએ દિવસ નક્કી કરી એ દિવસે સવારે જ જવું.

**કલમ નં.-૨** સગાઈ કરવા કન્યા પક્ષ તરફથી એક વ્યક્તિ અને સગાઈ મેળામણીયા મળી કુલ્લે બે માણસોએ જવું.

**કલમ નં.-૩** રૂપિયો ૧/- અને બે ટકા આપવાથી સગાઈ નક્કી થયેલ ગણાશે.

**કલમ નં.-૪** સગાઈ થયા પછી કન્યાપક્ષે વરપક્ષને રૂપિયા ૨૫/- આપવા આ સિવાય અન્ય કોઈપણ વહેવાર કરવો નહિ.

**કલમ નં.-૫** સગાઈ થયા પછી સાકર સાથે કાછલી તેમજ મિઠાઈ સાથે રૂપિયા ૨૫/- આપવા. આ સિવાય દાગીનાની આપલે કરવી નહિ. કલમ નં.-૧થી ૫નો ભંગ કરનારનો રૂપિયા ૫૧/- દંડ લેવામાં આવશે.

**કલમ નં.-૬** સગાઈ તોડનારનો રૂપિયા ૧૦૧/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં. ૨ મહેમાનગતિ તેમજ લગ્નની તિથિ નક્કી કરવા બાબત

**કલમ નં.-૧** લગ્નની તિથિ નક્કી કરવા વરપક્ષે કન્યાપક્ષના ત્યાં સમય નક્કી કરી સવારે જ પાંચ માણસોએ જવું અને બંન્ને પક્ષોએ ભેગા મળી સંયુક્ત રીતે લગ્નનું મુર્હુતની વાર તિથિ નક્કી કરવી.

**કલમ નં.-૨** કન્યા પક્ષે વરપક્ષના મહેમાનોને અંગત સગાને રૂપિયા ૨૫/- અને બાકીના ચાર મહેમાનોને રૂપિયા ૧૦/- લેખે વહેવાર કરવો. કલમ નં.-૧ અને ૨નો ભંગ કરનારનો રૂપિયા ૫૧/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.-3 લગ્નના ચાંલ્લા બાબત

**કલમ નં.-૧** લગ્નના ચાંલ્લા વખતે નીચે મુજબનો વહેવાર કરવો.

રૂપિયા ૨૦/- વસ્તી પંચના<br>
રૂપિયા ૨૫/- કેળવણી મંડળના<br>
રૂપિયા ૧૦/- ધર્માદા પેટે લેવા<br>
કુલ ૫૫/- રૂપિયા જ લેવા

**કલમ નં.-૨** લગનના ચાંલ્લાની તિથિ નક્કી કર્યા મુજબ કન્યા પક્ષ તરફથી વરપક્ષના ત્યાં બે માણસોએ જવું અને ચાંલ્લામાં રૂપિયો ૧/- અને ૨ ટકા આપવા. ધાન ખાઈ રૂા. ૧૦/- આપવા ચાંલ્લનો રૂપિયો આપવા આવનાર બંન્ને સગાને ધોતીઆ રૂપિયા ૧૦+૧૦ આપવા.

**કલમ નં.-૩** વરઘડીયાની પ્રથા સદંતર બંધ છે.

**ઠરાવ નં.-૩** પૈકીની કલમ નં. ૧થી ૩નો ભંગ કરનારનો રૂપિયા ૨૫/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં. ૪ જાન તેડાવવા બાબત

**કલમ નં.-૧** નક્કી કરેલા મુર્હુત પ્રમાણે વરપક્ષે જાન લઈને સમયસર સવારે જવાનું રહેશે. અનિવાર્ય સંજોગોમાં સમયસર જાન ના આવી શકે તેમ હોયતો તાકીદે કન્યાપક્ષને જાણ કરવી મોડી જાન લઈ આવનારને તૈયાર જમણનો ઉપયોગ કરવાનો રહેશે. આ કલમનો ભંગ કરનારને રૂપિયા ૨૫૧/- દંડ લેવામાં આવશે.

**કલમ નં.-૨** જાનમાં વર પક્ષે ૬૧ જાનૈયા લઈ જવાના રહશે. જાનડીઓ લઈ જવાની પ્રથા સદંતર બંધ છે. તેથી નાની બાળકીને પણ જાનમાં લઈ જવી નહિ. આ કલમનો ભંગ કરનારનો રૂપિયા ૫૦૧/- દંડ લંવામાં આવશે.

**કલમ નં.-૩** લગ્ન પ્રસંગે મા-બાપની આર્થિક સ્થિતિ પ્રમાણે વરને ગમતાં કપડાં પહેરવાની છૂટ છે.

**કલમ નં.-૪** વર અને કન્યાને પીઠી કર્યા બાદ તેડીને ગણેશ આગળ લઈ જવા નહિ તેમજ ચોરીમાં પણ તેડી લઈ જવાની પ્રથા સદંતર બંધ છે. માંડવાના તોરણે વરને અબોખો આપવાનો રહેશે.

## જાનના જમણ બાબત

**કલમ નં.-૫** આવતી જાનને જમણમાં શીરો અને દાળ-ભાત આપવાનું રહેશે. રોટલા શાક આપવું નહિ. નક્કી કરેલ જમણ સિવાય બીજુ જમણ માંગનાર અને આપનાર ગુનેગાર ગણાશે. તે બદલ રૂપિયા ૫૧/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.-૫ લગનના દાપા બાબત (આંણા સાથે)

**કલમ નં.-૧** લગ્નનું દાપુ રૂા. ૨૩૨૨/- અંકે રૂપિયા બેહજાર ત્રણસો બાવીસ ઠરાવવામાં આવે છે. કન્યા પક્ષને માંડવે વરપક્ષે નીચે મુજબ વ્યવહાર કરવાનો રહશે.

| વિગત | રૂા. પૈસા | વરપક્ષ પાસેથી દાપા સિવાયનો વ્યવહાર |
|---|---|---|
| દાપાના કન્યાના બાપને આપવાના | ૨૨૦૧/- | ધર્માદા રૂા. ૧૧/- |
| વસ્તી પંચ | ૨૦/- | ભોમસદ રૂા. ૨૫/- |
| ભોમસદ | ૨૫/- | મેળામણી રૂા. ૨૫/- |
| મેરામણી | ૨૫/- | કેળવણી મંડળ રૂા. ૫૦/- |
| કેળવણી મંડળ | ૫૧/- | - |
| | ૨૩૨૨/- | કુલ રૂા. ૧૧૧/- |

**કલમ નં.-૧** ના ગુના બદલ રૂા. ૨૫૧/- દંડ લેવામાં આવશે.

**કલમ નં.-૨** **વળતર** :- તાંબાનું કડા વગરનું બેડું, બાજઠ, અને રાંમણદીવો વળતરમાં આપવાનો રહેશે.

**કલમ નં.-૩** કોઈપણ પ્રકારના સગા કરવાનો વહેવાર સદંતર બંધ છે. ઘરભમરી કરવી નહિ.

**કલમ નં.-૪** જાન વિદાય સમયે ગાંદરાનો વ્યવહાર સદંતર બંધ કરવામાં આવે છે. ધોરાળી કરવી નહિ.

**કલમ નં.-૫** **અણવરને વળતર** :- કન્યા શ્વસુર ગૃહે આવે ત્યારે અક્ષત્ ચોખાથી વધાવી કંકું પગલા પડાવવા વિંટી તથા રૂપિયો રમાડવાની પ્રથા સદંતર બંધ છે.

**કલમ નં.-૬** કન્યાપક્ષથી આવેલ અણવરને ધોતીના રૂપિયા ૫૧/- આપવા.

## ઠરાવ નં.-૬ આંણા બાબત

**કલમ નં.-૧** આંણાની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે. પરંતું જુના બંધારણ પ્રમાણે થયેલા લગ્નના આંણા પેટે રૂા. ૭૨૨/- અંકે રૂપિયા સાતસોને બાવીસ લેવા.

### આંણામાં વ્યવહાર નીચે મુજબ લેવો

વસ્તી પંચના ૧૫/- રૂપિયા
ધર્માદા ૨૫/- રૂપિયા

**કલમ નં.-૨** **વળતર** :- સગા વેવાઈ ને રૂા.૨૫/-
બાકીના ચાર સગાને રૂા.૧૦/- લેખે રૂા. ૪૦/- નો વ્યવહાર કરવો.

**કલમ નં.-૩** પ્રથમ આણુ તેડવા જનાર કન્યાના ભાઈને વરપક્ષે રૂા.૨૫/- આપવા.

**કલમ નં.-૪** કંકુ કન્યા લેવા-દેવાની પ્રથા સદંતર બંધ છે.

## ઠરાવ નં.૭ પુન : લગ્ન બાબત

**કલમ નં.-૧** કોઈપણ પુરૂષના છૂટાછેડા થાય અથવા વિધુર થાય તો તે કોઈપણ સંજોગોમાં લગ્ન ફરીવાર કરી શકશે નહીં આવા વ્યકિતને કુંવારી કન્યા પરણાવી શકાશે નહીં. આ કલમનો ભંગ કરનારનો રૂા.૫૦૦૧/- અંકે પાંચ હજારને એક પુરા દંડ પેટે લેવામાં આવશે.

**કલમ નં.-૨** નછોરવી કન્યાનું દાપુ રૂા.૧૨૨૨/- અંકે રૂપિયા એક હજાર બસોને બાવીસ ઠરાવવામાં આવે છે.

**કલમ નં.-૩** છોકરાની મા બનેલ કન્યાના દાપાની રકમ રૂા.૧૦૨૨/- અંકે રૂપિયા એક હજાર બાવીસ ઠરાવવામાં આવે છે.

**કલમ નં.-૪** પુન :લગ્નની કન્યા જોવા મુરતીયા સાથે એક માણસે જવું.

**કલમ નં.-૫** પુન :લગ્નની વાત નકકી કર્યા પછી હાંસડી પેટે રૂા.૨૫૧/- અંકે રૂપિયા બસો એકાવન કન્યાપક્ષ ને આપવા અને વાર તિથિ નકકી કર્યા પ્રમાણે ઉભા દિવસે મુરતીયા સાથે પંદર માણસોએ તેડવા જવું.

**કલમ નં.-૬** હાંસડી ચઢાવ્યા પછી નકકી કર્યા પ્રમાણે તેડવા ના જાય તો હાંસડી પરત માંગવાનો અધિકાર રહેશે નહીં.

**કલમ નં.-૭** હાંસડી ચઢાવ્યા પછી બાઈ નાસરે જવાની ના પાડે તો તેના મા-બાપ નાતના ગુનેગાર ગણાશે. અને હાંસડીની રકમ પરત કરવી પડશે.

**કલમ નં.-૮** સાજનાના આંણાના જમણ બાબત, જમણમાં કંસાર,ખીચડી,શાક તેમજ ઘી આપવું.

**કલમ નં.-૯** હાંસડી પેટેના રૂા.૨૫૧/- દાપામાં મજરે લેવા.

**કલમ નં.-૧૦** પુન :લગ્નમાં નીચે મુજબનો વ્યવહાર કરવો.

| | |
|---|---|
| વસ્તી પંચના | રૂા. ૧૫-૦૦ |
| બ્રાહ્મણના | રૂા. ૧૦-૦૦ |
| કેળવણી ફંડના | રૂા. ૨૫-૦૦ |
| ધર્માદા | રૂા. ૧૦-૦૦ |
| | કુલ રૂા. ૬૦-૦૦ |

**કલમ નં.-૧૧** વળતર :- વળતરમાં કન્યા પક્ષ જમાઈને રૂા.૫૦/- સાથે આવેલા તમામને કુલ રૂપિયા ૭૦/- આપવા.

**ઠરાવ નં.-૭** ની કલમ નં.૨ થી ૧૧ નો ભંગ કરનારનો રૂપિયા ૨૫૧/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.-૮ સીમંત અને મામેરા બાબત

**કલમ નં.-૧** દિકરીના સીમંત પ્રસંગે મામેરૂ પોતાની શકિત પ્રમાણે ૨૨ ગામોએ ફરજીયાત આપવાનું છે. આપેલું મામેરૂ શ્રીકૃષ્ણાપર્ણ ગણાશે. મામેરાની ગણતરીને ટહુકો કરવાનો નથી.

**કલમ નં.-૨** સીમંતના મામેરામાં ભાઈઓ, તેમજ સગા-સ્નેહીઓએ પાંખોરમાં દાગીના, વાસણો,રોકડ રકમ,બચતપત્રો,સાડી,કપડાં આપી શકાશે.

**કલમ નં.-૩** સીમંતના મામેરામાં સવારે જવું. રાત્રી રોકાણ કરવું નહિં.

**કલમ નં.-૪** મામેરૂ લઈ આવનાર સગાને વરપક્ષે પોતાની શકિત પ્રમાણે એક ટંક ભોજન આપવું

**કલમ નં.-૫** મામેરૂ આપ્યા પછી બંન્ને પક્ષની સંમતિ હોય તો વળતર જમ્યા પહેલાં આપી દેવું.

**કલમ નં.-૬** મામેરામાં નીચે મુજબનો વ્યવહાર લેવો.

| | |
|---|---|
| વસ્તી પંચના | રૂા. ૨૫-૦૦ |
| ધર્માદા | રૂા. ૧૫-૦૦ |
| બ્રાહ્મણના | રૂા. ૧૦-૦૦ |
| કેળવણી ફંડના | રૂા. ૨૫-૦૦ |
| | કુલ રૂા. ૭૫-૦૦ |

**કલમ નં.-૭** મામેરામાં બેન ભાઈને ચાંલ્લો કરવા જાય ત્યારે ભાઈએ રૂા.૨૫-૦૦ આપવા.

**કલમ નં.-૮** મામેરૂ ભરતી વખતે ખાટલાનો ઉપયોગ કરવો નહીં.

**કલમ નં.-૯** મામેરાનું વળતર :- મામેરાની આલ-મેલ જે તે ગામની વસ્તીએ મામેરાની સ્થિતિ પ્રમાણે કરવી.

**કલમ નં.-૧૦** સીમંત પછી દીકરીને પિતૃગૃહે લાવ્યા બાદ ભાણી અગર ભાણીયાને રમાડવા આવનાર વેવાણોને યથા શકિત પ્રમાણે વ્યવહાર કરવો.

**કલમ ન.-૧૧** ભાણી-ભાણીયાના લગ્ન પ્રસંગે મામેરા બાબત બેન અગર દીકરીના ભાણી ભાણીયાના લગ્ન પ્રસંગે આર્થિક સ્થિતિ અનુસાર મામેરૂ આપવાની છૂટ છે. તદ્ ઉપરાંત કપડાં પર રૂા.૧૦૧/- આપવા.

કલમ નં.-૧૨ બેનને ચાંલ્લામાં રૂા.૨૫/- આપવા.

કલમ નં.-૧૩ મામેરાનો વ્યવહાર ઉપરની કલમ નં.૬ પ્રમાણે કરવો.

કલમ નં.-૧૪ મામેરાની આલ-મેલ આર્થિક સ્થિતિ પ્રમાણે કરવી.

કલમ નં.-૧૫ મામેરામાં જે દાગીના શ્રીકૃષ્ણાર્પણે કર્યા હોય તે દાગીના ઉપર પિયરવાળાનો હકક રહેશે નહીં. પરંતુ દાગીના ઉપર બાઈનો હકક રહેશે. સંતાન વગરની બાઈ સાસરીમાં મરણ પામે તો પિયર પક્ષ તરફથી આપવામાં આવેલા દાગીના બાઈના પિયરીયાને પરત આપવાના રહેશે.

કલમ નં.-૧૬ સંતાનવાળી બાઈ વિધવા બને તેમજ પુન :લગ્ન કરે તો તેના મામેરામાં અર્પણ કરેલા દાગીના તેના સંતાનોના ભરણપોષણ માટે સાસરી પક્ષને આપવા. પરંતુ તે બાળક પુખ્ત વયનું થાય ત્યારે જ આપવા બંન્ને પક્ષોએ મળી યોગ્ય વ્યવસ્થા કરવી.

કલમ નં.-૧૭ કન્યા ત્યાંનું દહેજ આપવા લેવાનું રહેશે.

## ઠરાવ નં.-૯ છૂટા છેડા બાબત

કલમ નં.-૧ કન્યા ઘર ના માંડે તો કન્યાના બાપે મુરતીયાને નાત કરાર ચૂકવી છૂટાછેડા લઈ શકશે. અને નાતના ગુના બદલ રૂા.૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

કલમ નં.-૨ કોઈપણ પુરૂષ પોતાની પત્નિને રાખવા ના માંગતો હોય તો કોરા કાગળે ફારગતી આપવી. અને જ્ઞાતિને રૂા.૧૦૦૧/- દંડ આપવાનો રહેશે.

કલમ નં.-૩ સીમંત કર્યા પછી કન્યા છૂટાછેડા માંગે તો પિયર પક્ષના દાખવેલા દાગીના ઉપર વર પક્ષનો અધિકાર રહેશે. વર છૂટાછેડા માંગે તો કન્યા પક્ષના દાખવેલા દાગીના ઉપર કન્યાનો અધિકાર રહેશે.

કલમ નં.-૪ કોઈપણ પુરૂષ તોફાની, દારૂડીયો, ગેરવર્તણુંકવાળો અસ્થિર મગજનો અથવા નપુંસક પુરવાર થાય તો કન્યા પક્ષ ગુનેગાર ગણાશે નહીં. અને કન્યા વગર પૈસે છૂટી થઈ શકશે.

કલમ નં.-૫ કોઈપણ કન્યા તેના પતિની હયાતી હોવા છતાં પિયરમાંથી અન્ય પુરૂષની સાથે નાસી જાય તો તેના ગુના બદલ કન્યા પક્ષે વર પક્ષને નાત કરાર આપવો અને આ ગુના બદલ જ્ઞાતિને રૂા.૧૦૦૧/- દંડ આપવો પડશે.

કલમ નં.-૬ કોઈપણ પુરૂષ પોતાની પત્નિ હયાત હોવા છતાં બીજા કોઈની પત્નિ અગર દિકરીને લઈને નાસી જાય અથવા ઘરમાં રાખે તો તેની પ્રથમ પત્નિ વગર પૈસે છૂટી થઈ શકશે. અને બાઈ છૂટી થવાનું ના પાડે તો તેનો અને તેના બાળકોનો ભરણ-પોષણ આપવાની જવાબદારી તેના શીરે રહેશે.

કલમ નં.-૭ પત્નિની હયાતી હોવા છતાં બીજી પત્નિ લાવે તો બીજી બાઈના પતિ અગર બાપને નાત કરાર આપવો પડશે. અને આ ગુના બદલ જ્ઞાતિને રૂા.૧૫૦૧/- દંડ આપવો પડશે.

કલમ નં.-૮ કોઈપણ કુંવારો છોકરો કોઈની પત્નિને, જેનો પતિ હયાત હોય તેવી પત્નિને લઈને નાસી જાય, અગર ઘરમાં રાખે તો તે નાતનો ગુનેગાર બને છે. તે ગુના બદલ જ્ઞાતિને રૂા.૧૫૦૧/- દંડ આપવાનો રહેશે. અને સામેવાળા પુરૂષને રૂા.૫૦૦૧/- આપવાના રહેશે.

કલમ નં.-૯ એક પત્નિ હયાત હોય તો બીજી પત્નિ કરી શકશે નહીં. પણ સંતાન માટે સ્ત્રીની ઉંમર-૩૦ વર્ષ અને પુરૂષની ઉંમર-૪૦ વર્ષ હશે તો સરકારની પરવાનગી મેળવી પ્રથમ પત્નિની સંમતિથી બીજી પત્નિ કરી શકશે.

કલમ નં.-૧૦ દિયરવટું વાળવાની પ્રથા સદંતર બંધ છે. તેમ છતાં આ કલમનો ભંગ કરનાર ઈસમને રૂા.૫૦૦૧/- દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.૧૦ તકરાર નિવારણ બાબત

કલમ નં.-૧ પતિ-પત્નિના સબંધમાં કોઈપણ જાતની તકરાર ઉપસ્થિત થાય તો કમિટિના સભ્યોને પત્ર દ્વારા જાણ કરવી. અને કોઈપણ સ્થળે બોલાવી તકરાર અંગેની રજૂઆત કરી તેનો ન્યાય મેળવી શકાશે.

-૨ પતિ-પત્નિની તકરારમાં કોઈપણ સંજોગોમાં બંન્ને પક્ષે કમિટિને જાણ કર્યા સિવાય કોઈપણ જાતની કાનૂની કાર્યવાહી કરવી નહીં. અને જો કમિટિના જાણ બહાર એક વખત કાનૂની કાર્યવાહી થઈ ગયા પછી પરગણામાં તેમની કઈપણ જાતની રજૂઆત સાંભળવામાં આવશે. નહીં. અને તે કેસમાં કોર્ટનો નિર્ણય આખરી ગણાશે.

-૩ કોઈપણ ગામે કારણસર સ્ત્રીનું અપમૃત્યુ અગર અ કુદરતી મોતના કિસ્સામાં જ્ઞાતિના આગેવાનો અગર તો કમિટિના સભ્યોને જાણ કરવામાં આવે તો એવા કિસ્સામાં કમિટિની હાજરી અઠવાડીયાના સમય દરમ્યાન એ કેસ બાબતે સંપૂર્ણ

તટસ્થ તપાસ કરી જો કમિટિને તે કેસમાં ખરેખર ગુનો બનતો હોય તેમ જણાય તો ન્યાયની અદાલતમાં કન્યા પક્ષના લાગતા-વળગતા વારસદારોને જવાની છૂટ આપવામાં આવેશે.

## ઠરાવ નં.-૧૧ લોકાચાર બાબત

કલમ નં.-૧ કોઈપણ મરણ પ્રસંગમાં બાર દિવસમાંથી પોતાની અનુકુળતા પ્રમાણે બે દિવસ નક્કી કરી સામાજીક લૌકિક ક્રિયાના કાગળો લખવા. આ સિવાય પોતાની અનુકુળતા પ્રમાણે બેસણું રાખી શકાશે.

કલમ નં.-૨ વૃધ્ધ મા-બાપના મરણ પ્રસંગે કાંણ સાચવવી મરજીયાત છે. પણ સ્વ-ઈચ્છાએ બે દિવસ નક્કી કરી દાળ અને ભાતનું જમણ આપી શકશે.

કલમ નં.-૩ મરણ પ્રસંગે સગાનો વ્યવહાર કરવાની પ્રથા બંધ કરાવમાં આવે છે. દીકરીના સાસરીવાળા લોકાચાર આવે તે માણસોને રાત રાખવા નહીં. અને દીકરીને શોકની સાડી પેટે રૂા. ૧૫-૦૦ અને જમાઈને રૂા. ૧૦-૦૦ આપવાના રહેશે.

કલમ નં.-૪ વસ્તીના બારમામાં મામેરામાં એક જોડ કપડાં તેમજ જમાઈને ધોતીના રૂા.૧૫-૦૦ આપવા (વસ્તીના બારમામાં અથવા મોટા પ્રસંગમાં)

## ઠરાવ નં.-૧૨ :- કળશીયા બાબત

કલમ નં.-૧ કોઈપણ ભાઈ.બાવીસી પરગણાનો કળશીયો ભરવા તૈયાર થાય ત્યારે ગામની વસ્તી રૂબરૂ વાર, તિથિ અને તારીખ નક્કી કરી પરગણાની કંકોત્રી વસ્તીના ભાઈઓ સાથે ફેરવવી.

કલમ નં.-૨ મુરતની તિથિ વાર તારીખ મુજબ પરગણાએ એટલે તમામ ગામોએ એક જ દિવસમાં આવી જવું જમણમાં શીરો અને દાળ-ભાત આપવુ. સાંજે તે ગામમાં રાત રહેવું નહીં. જમણ પતરાળામાં જમાડવાનું નક્કી કરવામાં આવે છે. ગામ જમવા આવે નહીં તેનો પતરાળાનો હક્ક રદ થશે અને દંડ રૂા. ૨૫૧/- આપવાનો રહેશે.

કલમ નં.-૩ કળશીયાના મેળાવા બાબત

મુર્હુત પ્રમાણે ઘડો પૂજવો. માસીયામાં મામેરા તેમજ તમામ કામ દિવસ બેમાં પતાવવા મેળાવડામાં ગામોને તમામ ક્રિયા બદલ દાપાના બદલ દાપાના રૂા. ૧૦૧/- આપવા અને માદરપાટ આપવાનું બંધ કરવામાં આવે છે.

કલમ નં.-૪ મેળાવડામાં બાવીસી પરગણાના-૧ ગોઠવા ૨.ઉદલપુર ૩. પીલુદરા ૪. વિસનગરના ગામોના પંડ્યાઓને ઘોડાના રૂા.૫/- દરેકને આપવા. આપણા ગઢવી તથા બળવાને તેમજ બારોટને ઘોડાના દરેકને રૂા.૫/- આપવા માદરપાટ આપવો નહીં.

## ઠરાવ નં.-૧૩ ગામગરાસ બગાડવા બાબત

કલમ નં.-૧ કોઈપણ રોહિત (ચમાર) ભાઈઓએ બીજા ગામનો તેમજ પોતાના ગામનો વંશ પરંપરાગત ચાલતો ગરાસ બગાડવો નહીં. અને કોઈ ગામ મજીયારૂ હોય તો ગરાસમાંથી ચામડાં લાવવા નહીં તેમજ ખેતી ઉપયોગી સાધનો આપવા નહીં. આ રીતે કોઈપણ રોહિત (ચમાર) ભાઈ ગરાસ બગાડશે તો તે જ્ઞાતિનો ગુનેગાર ગણાશે. અને તે બદલ દંડ રૂા.૫૦૦૧/- આપવો પડશે. અને કોઈપણ ચમાર ભાઈને થયેલ નુકશાન સાબિત થયેથી વળતર આપવું પડશે.

## ઠરાવ નં.-૧૪ જાસા ચિઠ્ઠી બાબત

કલમ નં.-૧ કોઈપણ વ્યકિત જાસા ચિઠ્ઠી કરશે, કરાવશે,લખશે અથવા લખાવશે અને તે સાબિત થશે તો તે જ્ઞાતિનો ગુનેગાર ગણાશે. તે ગુના બદલ રૂા. ૨૫૧-૦૦ દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.-૧૫ પંચપાઠ બાબત

કલમ નં.-૧ કોઈપણ ગામ,પંચપાઠ કરવા માંગતું હોય તો તે ગામે વાર,તિથિ નક્કી કરી પરગણામાં બ્રાહ્મણની સાથે ચોખાપીળી,કંકોત્રી ફેરવવી.

**કલમ નં.-૨** પંચપાઠ જે ગામે હોય તે ગામે સાંજના ૩-૦૦ વાગ્યા સુધીમાં ૨૨ ગામોએ આવી જવું.

**કલમ નં.-૩** પંચપાઠમાં સામૈયામાં કોઈ ગામ સંજોગો વસાત હાજર ન રહે તો તે ગામનો વિરોધ ચાલશે નહિ.

**કલમ નં.-૪** જમણમાં સાંજે શીરોને દાળ-ભાત તેમજ બીજા દિવસે બપોરે લાડવા,દાળ-ભાત આપવા.

**કલમ નં.-૫** પંચપાઠમાં સૂવા માટે ખાટલાનો ઉપયોગ કરવો નહિ. ભોંયપર પથારી કરવાની રહેશે.

**કલમ નં.-૬** પંચપાઠના સામૈયા વખતે પંચ તરફથી રૂા.૧૦૧/- થાળીમાં મૂકવા. શ્રીફળને ચાંલ્લો કરવો અને ફૂલહાર કરવા પંચને તથા ગુરૂને તમામને ગુલાલ,ચોખા, અને ફૂલથી વધાવવા.

**કલમ ન.-૭** પંચપાઠમાં પંચ તરફથી રૂપિયા ૨૫-૨૫ પૈસા પાઠ ઉપર મૂકવા.

## ઠરાવ નં.૧૬ જ્ઞાતિ પચ મળવા બાબત

**કલમ નં.-૧** આપણા પરગણામાં કોઈપણ ગામ,જ્ઞાતિ પંચ બોલાવે તો વાર તિથિ,તારીખ નકકી કરી કંકોત્રી વસ્તીના ભાઈઓ સાથે ફેરવવી.

**કલમ નં.-૨** જે તિથિ વાર, તારીખ નકકી કર્યા મુજબ તે દિવસની સાંજ સુધીમાં આવી જવું.બીજા દિવસે સવારે નાતનું સામૈયું કરવું.

**કલમ નં.-૩** સામૈયા વખતે જે ગામ હાજર ના હોય તે ગામનો દંડ રૂપિયા ૫૧-૦૦ લેવામાં આવશે. અને મોડા આવી સામૈયા બાબતની તકરાર ઉપાડશે તો તેનો પણ દંડ અલગથી રૂા.૫૧-૦૦ લેવામાં આવશે.

**કલમ નં.-૪** કંકોત્રી ફેરવ્યા બાદ જ્ઞાતિનું કોઈપણ ગામ ભાગલા પડે અગર પડાવે તેનો ગુનો સાબિત થયે રૂા.૫૦૧-૦૦ દંડ લેવામાં આવશે. અને ભાગલા પડાવવામાં સામેલ થયેલ ગામોનો પણ રૂા.૫૦૧-૦૦ દંડ લેવામાં આવશે.

**કલમ નં.-૫** પંચ મળે ત્યારે સામૈયા વખતે થાળીમાં પંચ તરફથી રૂા.૧૦૧/- મૂકવા.

**કલમ નં.-૬** પંચના સામૈયામાં શ્રીફળને ચાંલ્લા કરવા અને ફૂલહાર કરવા તથા પંચને તેમજ ગુરૂને તમામને ગુલાલ,ચોખા,ફૂલથી વધાવવા.

**કલમ નં.-૭** પંચ ભેગું થાય ત્યારે ૧૮ વર્ષથી નીચેના બાળકોને લાવવા નહીં.

**કલમ નં.-૮** કોઈપણ સ્થળે પંચ મળે ત્યારે કેફીપીણાં પીવાની સખ્ત મનાઈ કરવામાં આવે છે. કોઈપણ વ્યકિત પીણાં પીશે અને સમાજની કાર્યવાહીમાં દખલગીરી કરશે તો તેનો રૂા.૫૧-૦૦ દંડ લેવામાં આવશે.

## ઠરાવ નં.૧૭ :- પંચ મળ્યા પછી કરવાની કાર્યવાહી

(૧) પંચ મળ્યા બાદ સામૈયાની રજા લેવી અને સવારે સામૈયું કરવું.

(૨) પંચને જમણ આપવાની રજા લેવી.

(૩) જ્યારે પંચ મળે ત્યારે જે તે ગામમાં બનેલ ગુનાઓની યાદી તેમજ દંડની રકમ સાથે લઈને આવવું.

(૪) બંધારણ મુજબ ગુનાઓ ઉઘરાવવાની કાર્યવાહી કરવી.

(૫) ઉપરોક્ત બંધારણમાં ફેરફાર કરવાનો જનરલ પરગણાને અધિકાર હોઈ પરગણાએ કમિટિ નીમી ફેરફાર કરવો.

## ઠરાવ નં.૧૮ :- સામાન્ય બાબતો :-

(૧) સંતશ્રી રોહિદાસ જયંતી દર વર્ષે ઉજવવી.

(૨) ડૉ.ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરવી.

(૩) બંધારણ કમિટિ દર છ માસે એક વખત અવશ્ય મળવી જોઈએ. કમિટિ બોલાવવાની સત્તા મંડળના મંત્રીશ્રીને આપવામાં આવે છે. ગુનાઓનો દંડ ઉઘરાવવાની ક્રમને આવેલ અરજીઓનો નિકાલ કરવાની સત્તા કમિટિને આપવામાં આવે છે.

(૪) માંદા માણસની ખબર પૂછવા આવનાર સગા-સ્નેહીને કોઈપણ જાતની પહેરામણી કરવી નહીં.

(૫) કારોબારીના સભ્યોને કાગળ મોકલવામાં આવે અને કોઈપણ કારણસર ટપાલ મોડી મળે, અગર ના મળે તો મીટીંગ મળ્યાનું ધ્યાનમાં આવતાં તાત્કાલિક મંડળના મંત્રીશ્રીને ટપાલ દ્વારા જાણ કરવી.

(૬) ટપાલ મળવા છતાં જો કોઈપણ કમિટિનો સભ્ય સતત ત્રણ મીટીંગમાં હાજર નહીં રહે તો તેને કમીટી સભ્યપદથી દૂર કરવામાં આવશે.

(૭) સમાજના કોઈપણ ઈસમે કોઈપણ બાબત અંગે પરગણામાં રજૂઆત કરવી હોય તો તેની અરજી નીચેના નામ સરનામે કરી શકશે.

**કરશનભાઈ અમરાભાઈ પરમાર**

મુ. કુવાસણા, રોહિતવાસ, તા. વિસનગર જિ. મહેસાણા.

તેમજ તેની એક નકલ તેમના ગામના કમિટિ સભ્યને આપવી.

(૮) દહેજ પ્રથા સદંતર બંધ છે.

(૯) આજના કપરા સમયમાં દરેક જ્ઞાતિઓમાં તેમજ આપણા રોહિત સમાજમાં પણ અન્ય પરગણામાં સમૂહ લગ્નો યોજવામાં આવે છે. બંધારણ કમિટિ આપણા બાવીસી સમાજમાં પણ સમૂહ લગ્નો યોજવામાં આવે તેવું સર્વાનુમતે ઠરાવે છે.

સંવત-૨૦૫૮ ના કારતક વદી-પાંચમને બુધવાર તા.૫-૧૨-૨૦૦૧ ના રોજ કુવાસણા મુકામે નીમેલ બંધારણીય કમિટિના સભ્યોની યાદી સામેલ છે. બંધારણ સંવત-૨૦૫૮ ના કારતક વદી-નોમને રવિવાર તા.૯-૧૨-૨૦૦૧ના રોજથી અમલમાં આવે છે.